## રેગ્યુ. દિવાની દરખાસ્ત નં.૦૩/૨૦૨૫

## –:: આંક– ૧ તળે હુકમ ::–

(૧) હાલનાં કામે વાદી કંપની દ્વારા તા.૧૪/૦૨/૨૦૨૫ નાં રોજ આ કામનાં પ્રતિવાદી પાસેથી લેણી રકમ વસુલ લેવા માટે હાલની દરખાસ્ત દાખલ કરેલ છે. આ કામે આંક–૦૧ માં દર્શાવેલ સરનામા ઉપર પ્રતિવાદીને નોટીસ કરતા તે બજી ગયેલ છે. પરંતુ પ્રતિવાદી જાતે હાજર થયેલ નથી કે કોઈ રકમ ભરપાઈ કરેલ નથી.

(૨) આ કામે વાદી તરફે આંક–૧૦ થી નોટીસની બજવણી થઈ ગયેલ હોય, સ્થાવર અથવા જંગમ મિલ્કત જાહેર કરવા મુદત રિપોર્ટ અગાઉ રજુ રાખવામાં આવેલ. જે છેલ્લી ત્રણ મુદતથી જાહેર કરવામાં આવેલ નથી. વાદી પક્ષને ''સ્ટ્રીકટલી લાસ્ટ ડેટ'' અને ''અગેઈન સ્ટ્રીકટલી લાસ્ટ ડેટ'' આપી મુદત મંજુર રાખવામાં આવેલી. તેમ છતાં આજરોજ ફરી મુદત રિપોર્ટ રજુ થયેલ હોય નામંજુર કરવામાં આવેલ છે.

(૩) હાલની દરખાસ્ત બિનજરૂરી લંબાણે પડતી હોય તેવું જણાય આવે છે. નામદાર સર્વોચ્ચ અદાલતનાં આદેશ મુજબ શકય હોય ત્યાં સુધી છ–માસમાં પુર્ણ કરવાપાત્ર દરખાસ્તો બિનજરૂરી મુદત આપી મંજુર કરી શકાય નહિં. હાલનાં કામે વાદીપક્ષને દરખાસ્તની બજવણી કરવા તેમજ હુકમનામાનાં દેણદારની સ્થાવર/જંગમ મિલ્કતો જાહેર કરવા પુરતો સમય આપવામાં આવેલ છે પરંતુ, વાદી પક્ષ દરેક મુદતે બિનજરૂરી કોર્ટનો સમય વ્યતીત કરતાં હોય તેવું જણાય આવે છે. જેથી હાલની દરખાસ્ત અંગે કોર્ટનો કિંમતી સમય બિનજરૂરી બરબાદ કરવો યોગ્ય જણાતો ન હોય સદર દરખાસ્ત વાદીના કસુરને કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ થી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ તારીખ : ૧૨ મી માહે : માર્ચ સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને જાહેર કર્યો.

**સ્થળ :** માળીયા હાટીના.
**તારીખ :** ૧૨/૦૩/૨૦૨૬.

**(બી. વી. ગોહિલ)**
**મુખ્ય સિવિલ જજ,**
**માળીયા હાટીના.**
**(જજ કોડ–જીજે–૦૧૪૫૬)**